केशवं कृतिमाथी.

ऊतरताजता आर्यपणा विषे,

અથવા હાલ્યા જતા હિંદુપણા

વિષે મરશીયાઃ

તથા

जेने वीती होय ते जाणे.

એ વિષે ભજન.

લોકોના ઉપયોગ માટે

છપાવનાર એક ઉત્સાહી

પારસી પ્રીંટીંગ પ્રેસ.

કીંમત ૬ પાઈ

ઠેકાણું-મુંબઇ ભુલેશ્વર આર્યધર્મ પ્રકાશ ઓફીસેથી

૫૬૦૦

उतरता जता आर्यपणा विषे.

મરશિયા.

હાય હાયરે હિંદુપણું જાય હાલ્યું,
છૂટ પાટલૂને ઘર ઘાલ્યુરે—હાય, હાય૦—ટેક.
ધર્મ કર્મ શુદ્ધ કાય ન પાળે, ચળ્યા ચાનરી અવળે ચાલે;
અનાચારી થઈ ચિત્ત બાળેરે હાય—હાયરે૦
ચળ્યા ચિત્તે વિચાર યુરોપી, તજી પાગડી પેરી ટોપી;
વરમાળ ઉદ્ધતાગ્રે રોપીરે હાય—હાયરે૦
જુવો માથે ફિરંગી જેવા, કરે સુંદરીની એક સેવા,
હોય હૈયે હરામના હેવારે હાય—હાયરે૦
નથી ચામડી ગોરી થાતી, બન્યું બીજું બધુંય વિલાતી;
ખરી રમ્યતા તો રહિ જાતીરે હાય,—હાયરે૦
શિખા સૂત્રતણા ઘણા વેરી, દુરા ચારે લીધાં ઘર ઘેરી;
કયા પાપનાં એફલ ઝેરીરે હાય,—હાયરે૦
ગમે તેવા નવા વેશ ધાલે, ચાહ પાણી વિના નહિ ચાલે;
ગુડમોરનિંગ કહિ કર ઝાલેરે હાય,—હાયરે૦
કોટ જાકીટ ક.ળે રંગે, અંગ તાણીને બાંધે તંગે;
ફરે ફેરવે શ્વાન તે સંગેરે હાય,—હાયરે૦
બધે બોલે વિલાયતી બોલી, મળી તેવ તેવડાની ટોળી;
બધા દેશને નાંખ્યો બોળીરે હાય,—હાયરે૦
સત્ય બોધનું બાવલું બેઠું, હરિલાઇનું લાકડું પેઠું;
ખાય એક બીજાનું એઠુંરે હાય,—હાયરે૦
સ્નાન ધ્યાનની છે ઘડી છેલી, પ્રીતિ રાગ રંગ માથે રેલી;
કરે કામની સાથે કેલીરે હાય,—હાયરે૦

પાઠ પૂજન ક્યાં સાંભરેછે, શુણુ હોંશથી કોણુ કરે છે;
દેશ મેલીને દૂર ફરે છેરે હાય,—હાંયરે૦
કોય શોધક થઇને બેસે, કોય પારકા પંથમાં પેસે;
કોય ઠાકરને દિયે ઠેસેરે હાય,—હાયરે
થઈ બુદ્ધિ બધાની બૂઠી, ગઈ આસ્તા સર્વની ઊઠી;
ખરી વાત જાણાવે જુઠીરે હાય,—હાયરે૦
રાજ્ય જેવું થતા જાય તેવા, નહિ ઓળખાય જાતે કેવા,
કહ્યું માને ન અવળા એવારે હાય,—હાયરે૦
પાયખાનામાં બિડિયો ફુંકે, પાન ચાવતા ચાવતા થુંકે,
રીત ભાતને માળવે મૂકેરે હાય,—હાયરે૦
પિયે ખારૂનાં ખાટાં પાણી, બહુ બાટલીનાં બૂચ તાણી;
પંડિતાઇપર ફેરવે પાણીરે હાય,—હાયરે૦
માત તાતનું માન ન રાખે, ધન યૌવન નીરમાં નાંખે;
અમે દીઠું અમારી આંખેરે હાય,—હાયરે૦
ગમે તેનું બધૂંય ખપેછે, બર્ફ સર્બત્ત આઇસ્ક્રીમ લેછે;
દામ દેઇ વટલાવા દેછેરે હાય,—હાયરે૦
શબ્દ બોલવામાં એક શુરા, પિંડપાળવામાં માત્ર પૂરા;
સ્નેહ સંબંધ માંહિ અધુરારે હાય,—હાયરે૦
સાફ થાવાને સાબૂ ચોળે, હાથૂં પાણિયારે જઈ બોળે;
વાંક એક બીજાપર ઢોળેરે હાય,—હાયરે૦
ભીંત ભૂલ્યા ન જાણે કોઈ, વાળ ઓળે આરીસા જોઇ;
રીત બાપ દાદાની ખોઇરે હાય,—હાયરે૦
લોક લાજના તો બારવાગા, વસ્ત્ર પેરે છતાં હોય નાગા;
ભૂલ જાણ્યા વિના જાય ભાગારે હાય,—હાયરે૦
આગ ગાડિયો ને આગબોટો, દિયે દેશ પરદેશમાં દોટો;
થયો સેળ ભેળ એથી મોટોરે હાય,—હાયરે૦

ત્રીજા હાડકાં ચામડાં વાળી, રંગરૂપથી જોઇ રૂપાળી;
કોઇ રે'તુ નથી મન વાળીરે હાય,—હાયરે૦
દવા દારૂમાં દેહ વટલાયા, દોષ દેખે નહીં દોઢ ડાહ્યા;
સમજાવતાં થાય સવાયારે હાય,—હાયરે;
વેદ શાસ્ત્રની વાત ન માને, ભલે હોય કહ્યું ભગવાને;
જાય મરડાતા અભિમાનેરે હાય,—હાયરે૦
કર્મ યોગે વધેછે કુધારો, મને માની લહેતે સુધારો;
હદ મેલી ગયાછે હજારોરે હાય, —હાયરે૦
કહે કેશવ ક્યાં જઈ કહિયે, હાય હોળી બળેછે હૈયે;
મન મારીને મૂંગા રહિયેરે હાય,—હાયરે૦

जेने वीती होय ते जाणे.

(કાચબા કાચબીના ભજનનો ઢાળ)

કાંટો બરાબર બોરડી કેરો, હાથમાં વાગ્યો હોય,
વાગ્યા વિનાની વેદના તેની, જાણી શકે શું કોય;
નહીં હોય અનુભવ જેનેરે, શેણે સમજાવિયે તેને—જેને૦
અગ્નિએ અંગ બળ્યું હોય તેથી, બળતર જે બહુ થાય;
ઊનું પાણી નહિ ઓળખે એથી, કેમ કરી સમજાય;
હૈયાની વેદના એવીરે, નથી સમજાય તેવી;—જેને૦
વેદના થાય સુવાવડમાં તે, જાણે શું વાંઝણી બાઈ;
પાસે રહી હોય તોય સુયાણી જાણી શકે નહિ કાંઈ;
કેવું છે દુઃખ શરાણેરે, હીરો હોય તે પ્રમાણે—જેને૦
વેદના લેશ ન જાણે શુળીની, પાસે ઉભેલા લોક;
હાથ ધર્યામાં વેદના કેવી, કેમ જાણે તે કોટ;
વખાની વાત છે એવીરે, નથી સમજાય તેવી—જેને૦

કેમ કમાવાય કેમ શમાવાય, ચિત્તતણા પરિતાપ;
કેમ ભજાવાય વેશ વિશેષે, કેમ છપાવાય છાપ;
હઠીલા જાયછે હારીરે, જુવો તે વાત વિચારી;—જેને૦
ડંખ્યા વિના ન જણાય કદાપિ, વીંછીની વેદના જેમ;
મરણ પથારી ઊપરે પીડા, જીવતો જાણે કેમ;
ખરેખર એક છે, ખામીરે, નથી કોય અંતર્યામી;—જેને૦
ચાકરી કેવી આકરી છે તે, જાણી શકે શું શેઠ;
દુઃખ દબાણ સદા સમજે છે, હોય દબાયો હેઠ;
ભૂખ્યાનું દુઃખ શું જાણેરે જમ્યો હોય ભાવતું ભાણે;—જેને૦
કાનમાં વેણ કઠોર પડ્યાથી, ઉપજે તાપ અમાપ;
બાણ ખુંચ્યું હોય હાય હૈયામાં, કેવો કરે છે કાપ;
થયો હોય બાવરો જેનેરે, પુછો જઇ પ્રેમથી તેને—જેને૦
શંખણી સાંપડી હોય તે નારી, કેવો કરાવે કલેશ;
કર્મતણા કોય કારમે યોગે, વઢી વગોવે વેશ;
દિયે દાગ દેહમાં દારારે, એથી વન વાસીઓ સારા—જેને૦
મૂર્ખ પ્રજાથી બાપ પિતાનું, અંતર જે અકળાય;
લાજ પ્રતિષ્ટા જાય લુંટાતાં, ધુળધાણી ધન થાય;
દિવાના દિકરા જેનારે, ભવે બાઈ ભોગછે તેના—જેને૦
મૂર્ખ પ્રજા હોય હાથ પનારે, પૂર્વનાં પૂરાં પાપ;
સારી પ્રજા હોય સાંપડી તેવા, તેનો ન જાણે તાપ;
બળેછે બહુ બિચારારે એવાથી વાંઝિયા સારા—જેને૦
નાથ તજી પર લોક જવાથી, બાળપણે રંડાય;
હડ હડ થાય બધેય બિચારી, કેમ કરી ભવ જાય;
સુવાસણ હોય જે નારીરે, શકે કેમ તે વિચારી—જેને
આંખ ફરે કોઈ રાયનીત્યારે, રાંક બિચારા લોક;
હાનિ હજાર ગણી થઈ હારી, કેવો કરેછે શોક;

આવે જલ હેઠલ જ્યારેરે, સાચું સમજાય ત્યારે—જેને
બાલક રોતુ હોય તો તેનાં અવળાં ઓસડ થાય;
મુખમાં ડામ દિયે છે દાબી પીડ થતાં દુધ પાય;
જો થાય દુઃખ આટાણેરે, કહો કોણ જઈ મટાડે—જેને૦

વ્હાણ ભાગે ભર સાગરે ત્યારે, ઉપજે જે ગભરાટ;
બાલ બચ્ચાંના થાય વિલાપો, હાયરે હૈયા ફાટ;
એને જે અંતરે થાશેરે, બીજાથી કેમ જણાશે—જેને૦

ટાઢ અને તડકાનાં દુઃખ. દુર્બળ જનને થાય;
આધિ ઉપાધિ વ્યાધિ પણાથી, જીવ જનોના જાય;
વાણી નથી પોચતી એનેરે, કહી સમજાવિયે કેને—જેને૦
પુત્ર કલત્ર સબંધિ વિયોગે, અંતર જે અકળાય;
ધાર્યું ન ઉતરે પાધરૂં પ્યારાં, ધામ ધરા ધન જાય;
જુવો જીવતાં વરઝોળારે, વાગેછે ગેબી ગોળા—જેને૦

હોંશવડે હથિયાર ખમીને, રણમાં મેલે કાય;
અંતરની બહુ કાલની આશા અંતરમાંહિ સમાય;
કહોને કેમ કળાશે તે, બીજાને દુઃખ જે થાશે—જેને૦

સુખ નથી સંસારમાં સાચું, સંબંધનું પણ તેમ;
ધામ ધરાધન કામ ન આવે, આંખ નિહાળે એમ;
ભારેયશ વૈભવવાળારે, રૂવે છે કૈક રેજાળા—જેને૦

પિંજર પંખી વિયોગ થવાથી, ધન જોબન છે ધુળ;
પ્રેમ અને પરિચય પોતાનો, છે બંધનનું મૂલ;
ભલે મોજ કેશવ ખાણેરે, મુવા પછી સૌ મસાણે—જેને૦

નિર્ધનનો તો ક્યાંઈ ધડો નહિ, કોય સુણે નહિ વાત;
એક સાંધે ત્યાં તેર તુટેછે; દોડે ભલે દિન રાત;
ધનિક ને હોય શું પીડારે, કરે કલ્લોલમાં ક્રીડા—જેને૦